આપનું સપ્તાહ કેવું જશે?

તા.૨૯/૦૬/૨૦૨૬ થી તા.૦૫/૦૭/૨૦૨૬ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

મેષ (અ,લ,ઈ): તમારા નિર્ણય ભવિષ્યમાં લાભદાયક સાબિત થશે. પરિવાર સાથે કુટુંબ સમાજ વગેરેની સમસ્યાની ચર્ચાથી રસ્તો મળે. તમારા કામની કદર થશે. વિદેશને લગતાં કામ પાર પડશે. સમાજ અને જાહેરજીવનમાં યશ મળે. નોકરીમાં જવાબદારી સાથે પ્રમોશન થાય. કામ કરવાની રીતમાં સુધારો થાય. સ્ત્રી વર્ગનો સાથ મળે. સંપત્તિના સોદા થઈ શકે છે. વિદ્યાર્થીઓને ટેકનોલોજીનું શિક્ષણ મળે. પ્રેમમાં ગેરસમજ થાય. શેરબજારમાં લાભ થાય.

વૃષભ (બ,વ,ઉ): વીકની શરૂઆત આરોગ્યને લગતી સમસ્યાથી થાય. સ્ત્રી વર્ગને નબળાઈનો અનુભવ થાય. નકારાત્મક વિચારો આવે. આપેલા કામમાં પરિશ્રમ વધશે. જીવનસાથી અને વડીલોના ખર્ચા અને દોડધામ વધશે. સસરા પક્ષ તરફથી ભેટ મળે. પ્રેમજીવનમાં ઉત્સાહ વધશે.અચાનક ધન લાભ કે ઉઘરાણી આવે. ધાર્મિક સાહિત્ય-પ્રવાસના કામમાં પ્રગતિ થાય. પરીક્ષા અને ઈન્ટરવ્યુમાં સફળતા મળે. મહેનતનું ફળ મળે. શુભ સમાચાર મળે.



મિથુન (ક,છ,ઘ): કાર્યક્ષેત્ર પર તમારી મહેનત અને લગન સફળતાના નવા રસ્તા ખૂલશે. તમારી સલાહ પરિવારમાં ખુશી લાવશે. કોર્ટ-કચેરીમાં પ્રગતિ થાય. સમાજમાં માન વધે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમ વિવાહની ઓફર આવી શકે છે. આરોગ્ય નરમ રહે. સરકારી કામમાં મદદ મળે. અચાનક ઉઘરાણી આવી શકે છે. જીવનસાથી સાથે ધર્મ-કર્મ અને સામાજિક કામ થાય. પ્રોપર્ટી ખરીદ-વેચના કામમાં ગતિ આવે. શુભ સમાચાર મળે.

કર્ક (ડ,હ): નોકરીમાં યશની સાથે જવાબદારી વધે. ધંધામાં નવી યોજના બને. સરકારી નોકરીમાં પ્રમોશન મળે. આરોગ્ય નરમ રહે. વિજાતિય મિત્રોથી સાવધાન. સ્વભાવ ઉગ્ર બને. નવા ફેરફારથી દોડધામ વધે. સમાજમાં માન મળે. પરિવારની સમસ્યાનું સમાધાન થાય. પારિવારિક ભાગીદારીના કામમાં નવી તક મળે. સરકારી નોકરીની શક્યતા વધશે. ઉઘરાણી આવવાથી રાહત થાય. પડવા-વાગવા અને પાણીથી સાવધાન રહેવું.

સિંહ (મ,ટ): તમારા નિર્ણયો હકારાત્મક રહે. ખાસ સંતાન અને જીવનસાથીના કામમાં સફળતા મળે. ઈન્ટરવ્યુમાં પ્રગતિ રહે. પ્રેમ જીવનમાં સાથ મળે. શેર, સટ્ટા, લોટરી, વાયદાનાં કામ થાય. વિદ્યાર્થીઓને નવું શીખવા મળે. આંખની કાળજી લેવી. હરીફોની હેરાન ગતિ વધશે. વિજાતિય આવેગ પર કાબૂ રાખવો. હાથમાં લીધેલ કામમાં ગતિ આવે. સમાજજીવનમાં સમસ્યા સતાવે. રોજની આવક વધશે.



કન્યા (પ,ઠ,ણ): ખાવા-પીવાનાં શોખીનને મનપસંદ પાર્ટીનો આનંદ મળે. ઘરમાં નવા ફેરફાર થાય. સંપત્તિના સોદા થાય. વારસાના કામમાં પ્રગતિ થાય. નવા ઘર, વાહન, મકાન બાબતે વડીલોનો સાથ મળે. બહારનાં કામ થાય. સંતાનોના અભ્યાસની ચિંતા સતાવે. મોજ-શોખના ધંધામાં આવક વધે. શેર, સટ્ટા, લોટરીમાં પ્રગતિ થાય. મિત્રો સાથે સમાજ સેવા થાય. વિશ્વાસઘાતથી સાવધાન. પાણીથી દૂર રહેવું.



તુલા (ર,ત): હરીફાઈનો અનુભવ કરાવનાર વીક રહે. પરીક્ષા ઈન્ટરવ્યુ વગેરેમાં હકારાત્મક પરિણામ મળે. ભાઈ-બહેનોને મદદરૂપ બનશો. વહીવટી કુશળતા અને કામની લગન નવી દિશા ખોલશે. નવાં લોકોથી સાવધાન રહેવું. ખાવા-પીવા માટે પાર્ટીનું આયોજન થાય. ઘરમાં અવર-જવર વધે. બહારના કામનો બોજ સતાવે. નોકરીમાં નવી તક મળે. પ્રેમમાં ગેરસમજ થાય. સ્વાર્થી લોકોથી બચવું.



વૃશ્ચિક (ન,ય): તમારા વ્યવહાર, બૌદ્ધિક વિચાર અને હાજરજવાબીપણું ઘર અને કામની જગ્યાએ પ્રભાવ વધારશે. પરિવારમાં નવી જવાબદારી મળે. નાનાં સભ્યોને મદદરૂપ બનશો. ખાણી-પીણી-મોજ-શોખ, પ્રવાસ, દલાલી, શિક્ષણ જેવા કામમાં સફળતા મળે. નવા મિત્રોથી સાવધાન રહેવું. નવી બચત યોજના બને. નોકરી-ધંધામાં નવી તક ઊભી થાય. આત્મ વિશ્વાસ વધે તેવા સમાચાર મળે.

ધન (ભ,ધ,ફ,ઢ): તમારો પ્રભાવ વધે તેવાં કામ મળે. આરોગ્યને લગતાં કામ પાર પડશે. સામાજિક કામ થાય. નોકરી-ધંધાર્થે પ્રવાસમાં મિલન મુલાકાત થાય. દાંપત્યજીવનમાં તાલમેળ વધે. પ્રેમવિવાહની શક્યતા વધે. પરિવારમાં ખુશીમય વાતાવરણ રહે. સાથીઓનો સાથ નવી તકમાં મદદરૂપ બનશે. પારિવારિક ધંધામાં આવક વધે. ઉઘરાણી આવી શકે છે. વહીવટી કુશળતા અને આત્મવિશ્વાસથી હાથ પરનાં કામ થાય.



મકર (ખ,જ): વાણી અને લાગણીઓ પર કાબૂ રાખવો. પરિવાર સાથે ધાર્મિક પ્રવાસ થાય. વિદેશના કામમાં સફળતા મળે. સામાજિક કામમાં યશ મળે. વાદવિવાદથી દૂર રહેવું. નોકરી-ધંધાર્થે પ્રવાસમાં સાવધાન રહેવું. અચાનક શુભ સમાચાર મળે. ઘરમાં વાતાવરણ અશાંત રહે. ખર્ચા વધશે. અડોશ-પડોશ સાથે વિવાદ ટાળવો. ખાણી-પીણીના ધંધામાં આવક વધશે.

કુંભ (ગ,સ,શ,ષ): નવા પારિવારિક સંબંધો માટે વીક અનુકૂળ રહે. શેર, સટ્ટા, લોટરી, વાયદાનાં કામ થાય. નવા વેપાર ધંધા થાય. મિત્રો સાથે સામાજિક કાર્ય થાય. પ્રેમમાં સાથ મળે. વિદ્યાર્થીઓને મદદ મળે. અચાનક આવક વધે. સરકારી કામમાં વિઘ્નો આવે. પોલીસ ખાતાના કામમાં મદદ મળે. માનસિક ભયથી આરામ કરવાનું મન થાય. પડવા-વાગવા પાણીથી સાવધાન. ગુસ્સા પર કાબૂ રાખવો.



મીન (દ,ચ,ઝ,થ): તમારી મહેનત રંગ લાવે. કંપની તરફથી ઈનામ કે ભેટ મળે. નોકરીમાં પ્રમોશન મળે. નવા પ્રોજેક્ટની જવાબદારી મળે. પારિવારિક વ્યવસાયમાં નવી યોજના બને. મોજ-શોખના ધંધામાં આવક વધશે. પુત્રી સંતાનથી શાંતિ મળે. સંતાનોના અભ્યાસમાં પ્રગતિ થાય. વફાદાર મિત્રોની મદદથી અટકેલા કામમાં પ્રગતિ થાય. વિદેશ પ્રવાસ અને ધાર્મિક યાત્રાનાં કામ પાર પડશે.

ગોચરમાં પરિવર્તન લાવનાર ગ્રહોની ચાલ

દેશ અને દુનિયા પર ગ્રહોનો અભ્યાસ વૈદિક જ્યોતિષના મેદનીય જ્યોતિષથી ખૂબ જ સારી રીતે કરવામાં આવે છે. ગ્રહોની ગોચર ગતિથી નિર્માણ થતા યોગો, યુતિ, પ્રતિયુતિ, પ્રાણી માત્રના માનસ પર અસર કરે છે. જળ, થલ, અને આકાશ પ્રભાવિત થાય છે. દુનિયામાં 2018થી ખતરનાક પરિવર્તન જોવા મળે છે. કેટલાક દેશોમાં બળજબરીપૂર્વક સત્તા પરિવર્તન કરવામાં આવ્યા છે. આપણા દેશમાં પણ કેટલાંક રાજ્યોમાં સામ, દામ,દંડ અને ભેદનીતિથી સત્તા પરિવર્તન થયા છે. ગોચરના ગ્રહોની ચાલ ભારતમાં અણધારી કોઈ મોટી ઘટના ઘટવાના સંકેત આપે છે.

મેદનીય જ્યોતિષમાં શનિ દેવ લોકતંત્ર, સત્તા, જનતાનું સંતુલન કરનાર છે. સાલ 2025થી શનિ અને નેપચ્યૂનની યુતિ જે દર 36 વર્ષ થતા મહા પરિવર્તન યોગ કરે છે. શનિ વાસ્તવિક્તાના કારક છે. જ્યારે નેપચ્યૂન સપનોનો સોદાગર છે. આ સમય કાળ સપનોને હકીકતમાં બદલવાનો હોય છે. આ બંને ગ્રહોની યુતિથી એક ઊર્જા પેદા થાય છે. જેના કારણે જીવનમાં અથવા પ્રજા કે કોઈ સમૂહમાં અનુશાસન આવે છે અને ભ્રમને તોડીને વ્યાવહારિક યોજનાઓને પૂર્ણ કરવાની શક્તિ કે વાતાવરણ પેદા કરે છે. શનિ-નેપચ્યૂન જ્યારે સાથે આવે છે ત્યારે જીવનની કે સમાજ, સરકાર, ધર્મ વગેરેની વાસ્તવિક્તા સામે લાવે છે. આજકાલ જે દેશ અને દુનિયામાં થઈ રહ્યું છે તેની વાસ્તવિક્તા દુનિયાની સામે આવી રહી છે. આપણા દેશની વાસ્તવિક્તા લોકોની સામે આવવા લાગી છે. આ એક મહત્ત્વાકાંક્ષી લોકોનું ધ્યેય સિધ્ધ કરનાર સમય છે. સપનોને હકીકતમાં પરિવર્તન કરનાર સમય ચાલે છે. નેપચ્યૂન વિચાર આપે છે અને શનિ સાકાર કરવાની મહેનત અને અનુશાસન આપે છે. પોતાની યોજનાને નવી અને મજબૂત રીતે પૂર્ણ કરવાનો સમય હાલ ચાલી રહ્યો છે. આ યુતિ સમાજ અને વ્યક્તિગત જીવનમાં મોટા બદલાવ લાવનાર છે. જો ધીરજ, અનુશાસન અને શુભ હેતુથી યોજનાને ગતિ આપવામાં આવે તો નવાં હકારાત્મક પરિણામ લાવી શકાય તેવી મદદનો સમય છે. આધ્યાત્મિક ગ્રહ નેપચ્યૂન અને શનિ ધર્મ અને ધર્મ સાથે જોડાયેલ લોકોને ખુલ્લા પાડશે. દેશની જનતાનો વિશ્વાસ ધર્મગુરુઓ અને ધર્મ સાથે જોડાયેલ કાર્ય કરનાર પરથી ઊઠી જશે અને એક ભયંકર આક્રોશ પેદા કરીને નવા આંદોલનને હવા આપશે. નેપચ્યૂન સાયન મેષમાં ભ્રમણ કરે છે. જૂન 2027એ શનિ પણ મેષમાં આવશે. આ સમય મહા પરિવર્તનનો છે. સામાજિક, ધાર્મિક, ન્યાય રાજકીય બદલાવ ચોક્કસ આવશે. શનિ ન્યાયના દેવ છે. પ્રજા ન્યાય બાબતે જાગૃત થશે અને વર્તમાન સરકારમાં મોટા ફેરફાર થાય. નવી સરકાર આવી શકે છે. મંત્રી મંડળના નવા ચહેરા જોવા મળશે.

ગોચરની બીજી અદભુત ઘટના તા. 02-06-2026 થી અધિચારી ગુરુનો કર્ક રાશિમાં પ્રવેશીને ક્રાંતિકારી ગ્રહ પ્લુટો સાથેની પ્રતિયુતિ છે. આ યોગ નવી ક્રાંતિનો છે. જનતા અને સત્તાની વચ્ચે શક્તિવાળી ટકરાવ પેદા કરનાર યોગ છે. ગુરુ વિસ્તાર, આશા, ધર્મ, જ્ઞાન, વિસ્તાર કે રાજ્ય વગેરેનું પ્રતીક છે. આ તમામ બાબતોનો વિસ્તાર કરવાની શક્તિ આપનાર છે. પ્લુટો સત્તા, નિયંત્રણ, રહસ્ય, ગહરાઈ અને બદલાવનું પ્રતીક છે. પ્લુટો વાસ્તવિક્તાની ઊંડાઈ-જડ સુધી જનાર ગ્રહ છે. આ પ્રતિયુતિ લોકો અને અધિકારી કે સત્તા અથવા રાજ્ય સાથે અધિકાર અને નિયંત્રણને લઈને ટકરાવ પેદા કરે છે. અતિ આત્મવિશ્વાસ પેદા કરે છે અને પોતાના વિચારો બીજા પર નાખવાની કોશિશ કરાવીને ઘર્ષણ પેદા કરે છે. આ પ્રતિયુતિ દેશમાં મોટા બદલાવના સંકેત આપે છે. લોકોના મૂળભૂત વિચારો બદલીને નવા નવા વિચારો તરફ દોરી જાય છે અને ક્રાંતિ પેદા કરે છે જે પરિવર્તનમાં ફેરવાય છે. દબાણ પેદા કરીને મોટી ભૂલો તરફ દોરી જાય છે. જે જનતા અને સરકાર બંનેને ભારી પાડનાર યુતિ છે.

ત્રીજી શક્તિશાળ ઘટના તા. 21-06-2026 મંગળ વૃષભ રાશિ અને કૃતિકા નક્ષત્રમાં હર્ષણ પણ કૃતિકામાં છે. આ યુતિ અચાનક આક્રમણ અને બદલાવ લાવનાર બને છે. આ બંને વિરોધાભાસી ગ્રહો જબરજસ્ત ઊર્જા, ગુસ્સો અને કંઈક નવું કરવાની સનક પેદા કરનાર બને છે. મંગળ, ઊર્જા, સાહસ, ક્રોધ અને ઉતાવળનો કારક છે. જ્યારે હર્ષલ વિદ્રો, અચાનક ઘટનાર ઘટના, આધુનિક વિચાર અને ટેકનોલોજી અને અનિશ્ચિતતાનો કારક છે. અવિચારી સાહસથી મુશ્કેલી પેદા કરનાર બને છે. ઈચ્છા શક્તિને મજબૂત કરે છે અને ચાલુ ઘટનાને બળ આપીને પૂર્ણ કરનાર બને છે. ભયંકર અકસ્માત કે યુદ્ધ જેવી સ્થિતિ પેદા કરશે. મંગળ, હર્ષલની યુતિ વર્તમાન સરકાર અને આંદોલન કરનાર C.Y.P. વચ્ચે ભયંકર ટકરાવ પેદા કરશે. જે બંને પક્ષે નુકસાન કરનાર સાબિત થશે. સરકારમાં નવા ફેરફાર થશે. સ્વતંત્ર ભારતની કુંડલીમાં આ યુતિ પ્રથમ ભાવમાં થાય છે જે અનિયંત્રિત બનાવશે. દેશમાં વિદ્રો પેદા થાય. 02-08-2026 સુધીનો સમય સરકાર માટે કસોટીનો રહેશે. સરકારના નિર્ણયો જનતાને ગમશે નહીં અને લડત ઉગ્ર બનશે. આપણા વડા પ્રધાન મોદીજીની કુંડલીમાં સાતમા ભાવમાં થાય છે. જે અલગાવના યોગ કરે છે. કેટલાક સાથીઓ છૂટા પડે. મંત્રીમંડળના નવા ચહેરા આવે. જૂના વિદાય થાય. શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની કુંડલી પ્રમાણે એપ્રિલ 2026ની જુલાઈ 2026નો સમય વિદાયનો છે. 23-06-2026 થી 11-07-2026 સુધીમાં રાજીનામું કે અન્ય રીતે તેમની વિદાય થઈ શકે છે. દેશના રાજકારણમાં પરિવર્તન આવે તેવા ગ્રહયોગ છે. મંગળ-હર્ષલની યુતિ કોઈ મહત્ત્વના રાજનેતા પર હુમલાના યોગ કરે છે. રાહુલ ગાંધીના આઠમા ભાવમાં આ યોગ અશુભ બને છે.

જાપાનમાં ૬.૧ની તીવ્રતાનો ભૂકંપ, સુનામીની ચેતવણી નહીં

નુકસાન અથવા જાનહાનિના તાત્કાલિક કોઈ અહેવાલો નથી

ટોક્યો, તા. ૨૮ (એપી) જાપાનની હવામાન વિભાગની એજન્સીના જણાવ્યા અનુસાર, રવિવારે વહેલી સવારે ઉત્તર-પૂર્વીય જાપાનમાં ૬.૧ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જે આ પ્રદેશમાં આવી રહેલા મોટા ભૂકંપોની શ્રેણીમાં તાજેતરનો છે.

સુનામીની કોઈ ચેતવણી જાહેર કરવામાં આવી ન હતી અને નુકસાન અથવા જાનહાનિના તાત્કાલિક કોઈ અહેવાલો નથી. પરંતુ વાવાઝોડાની સીઝન દરમિયાન આવી રહેલા ભૂકંપના તાજેતરના દોરે ભૂસ્ખલન અંગેની ચિંતાઓ વધારી દીધી છે.

રવિવારનો ભૂકંપ સ્થાનિક સમય અનુસાર સવારે ૭:૨૫ વાગ્યે ઈવાત પ્રાંતના દરિયાકાંઠે આવ્યો હતો, જેની ઊંડાઈ લગભગ ૪૦ કિલોમીટર (૨૫ માઈલ) હતી અને તેણે આઓમોરી પ્રાંત અને અન્ય નજીકના વિસ્તારોને ધ્રુજાવી દીધા હતા. જાપાન ભૂકંપ અને સુનામી પ્રત્યે સંવેદનશીલ છે. તાજેતરમાં ભૂકંપોની એક શ્રેણી આવી છે, જેમાં ગુરુવારે આવેલો ૭.૨ ની તીવ્રતાનો ભૂકંપ પણ સામેલ છે જે રવિવારના ભૂકંપના નજીકના વિસ્તારમાં જ આવ્યો હતો. તે તીવ્રતા પ્રારંભિક અંદાજ કરતાં પાછળથી સુધારીને વધુ દર્શાવવામાં આવી હતી.

ઓસ્ટ્રેલિયામાં ભારતીય દાદાની હિંમતભરી 18,000 ફૂટેથી સ્કાયડાઈવ

ભારતીય વ્યક્તિનો પોતાના દાદા સાથે 18,000 ફૂટેથી સ્કાઇ ડાઇવિંગનો વીડિયો વાયરલ બન્યો

સિડની, તા. 28 : એક ભારતીય વ્યક્તિનો તેના દાદાનો ઓસ્ટ્રેલિયામાં ૧૮,૦૦૦ ફૂટની ઊંચાઈએથી સ્કાયડાઈવિંગ કરવાનો વીડિયો વાયરલ થયો છે, જેમાં સોશિયલ મીડિયા યુઝર્સ આ વૃદ્ધ વ્યક્તિની હિંમત, ઉત્સાહ અને જબરદસ્ત જુસ્સાની પ્રશંસા કરી રહ્યા છે. આ વીડિયો અંકિત દ્વારા શેર કરવામાં આવ્યો હતો, જેણે ખુલાસો કર્યો હતો કે, આ તેના દાદાની પહેલી સ્કાયડાઈવ નહોતી. તેમણે અગાઉ ૧૫,૦૦૦ ફૂટની ઊંચાઈએથી છલાંગ લગાવી હતી, પરંતુ આ વખતે આ જોડીએ ઓસ્ટ્રેલિયામાં ૧૮,૦૦૦ ફૂટની છલાંગ લગાવીને કંઈક અલગ કરવાનું નક્કી કર્યું.

વીડિયોની શરૂઆતમાં અંકિત સાહસનો પરિચય કરાવતા કહે છે, "તો ભાઈ, અભી હમ અપને બાબાજી કો લેકર આયે હૈં સ્કાયડાઈવિંગ કરવાને કે લિયે ઓસ્ટ્રેલિયા કે અંદર. પિછલી બાર ૧૫,૦૦૦ ફીટ સે કરવાયી થી, અબકી બાર ૧૮,૦૦૦ ફીટ સે કરવા રહે હૈં." (તો ભાઈ, અત્યારે અમે અમારા દાદાજીને ઓસ્ટ્રેલિયાની અંદર સ્કાયડાઈવિંગ કરાવવા માટે લઈને આવ્યા છીએ. ગયા વખતે ૧૫,૦૦૦ ફૂટથી કરાવી હતી, આ વખતે ૧૮,૦૦૦ ફૂટથી કરાવી રહ્યા છીએ, એ પણ ઓસ્ટ્રેલિયામાં.)

એરક્રાફ્ટમાં સવાર થતાંની થોડી ક્ષણો પહેલાં અંકિત તેના દાદાને મજાકમાં પૂછે છે, "બાબા ડરતા તો નહીં?" એક પણ ક્ષણ ગુમાવ્યા વિના વૃદ્ધ વ્યક્તિ હસીને જવાબ આપે છે, "ડરતા કૌન હૈ મૈં?" ("કોણ ડરે છે? હું?"). આ આત્મવિશ્વાસપૂર્ણ જવાબ ઝડપથી આ વાયરલ ક્લિપની સૌથી શાનદાર ક્ષણ બની ગયો.

ઉત્સાહ ત્યાં જ સમાપ્ત ન થયો. ફ્રીફોલ દરમિયાન દાદાજીને ઉત્સાહપૂર્વક "જય હિંદ! જય ભારત! જય હરિયાણા!"ના નારા લગાવતા સાંભળી શકાય છે, જે આ સાહસમાં દેશભક્તિ અને આનંદનો જુસ્સો વધારે છે.

સિયા અને ચેતને ગુગલ પર હત્યાની રીતો સર્ચ કરી હતી

કેતનને માર્યા પછી પકડાઇ જાય તો પોલીસને શું જવાબ આપવા તેની પણ બંનેએ તૈયારી કરી રાખી હતી!

પુણે, તા. ૨૮: મહારાષ્ટ્રના પુણે નજીક આવેલા લોહગઢ કિલ્લા પર પોતાના મંગેતર કેતન અગ્રવાલની કથિત રીતે હત્યા કરનાર સિયા ગોયલ અને તેના પ્રેમી ચેતન ચૌધરીએ હત્યા કરતા પહેલા ગુગલ પર તેને મારવાની રીતો સર્ચ કરી હતી, તેવો ખુલાસો તપાસમાં થયો છે.

પોલીસના જણાવ્યા અનુસાર, ગુનાને અંજામ આપતા પહેલા સિયા અને ચેતન હત્યાનું રિહર્સલ કરવા માટે એકલા કિલ્લા પર ગયા હતા. જો તેઓ પોલીસના હાથે પકડાઈ જાય, તો પોલીસને શું જવાબો આપવા તેની પણ બંનેએ તૈયારી અને પ્રેક્ટિસ કરી રાખી હતી. તપાસમાં વધુમાં બહાર આવ્યું છે કે, હત્યાના બંને આરોપીઓએ શંકાથી બચવા માટે હત્યા દરમિયાન વેશપલટો કરવાનું પણ આયોજન કર્યું હતું. આ અગાઉ એવા અહેવાલ હતા કે સિયા અને ચેતને ગુનાની પહેલા અને પછી તેમના ફોનની આખી ચેટ હિસ્ટ્રી ડિલિટ કરી નાખી હતી અને રિસાયકલ બિન ખાલી કરી નાખી હતી.

METAS ADVENTIST COLLEGE
PO Box No. 24, Athwalines, Surat - 395001.
(Affiliated to Gujarat Technological University, Ahmedabad)
BBA & BCA ADMISSION ON MANAGEMENT QUOTA: 2026-27
MQ Admission application forms will be available from Registrar Office From : 29-06-2026. Form Receiving Last Date: 01-07-2026. Counselling Date: 02-07-2026 (10.00 a.m.) For more details kindly visit our college website:https://suratcollege.metasofsda.in/
Date: 29-06-2026 PRINCIPAL

શ્રી સુરત લેઉવા પાટીદાર પંચના સભ્ય જોગ

સમસ્ત પંચની સામાન્ય સભા – રવિવાર, તા:૧૨-૦૭-૨૦૨૬ સાંજે ૫.૩૦ કલાકે નીચે જણાવેલા કાર્યો માટે મળશે.

એજન્ડા :

(૧) તા:૨૮-૦૩-૨૦૨૬ના રોજની સમસ્ત પંચની સામાન્ય સભાની મિનિટ્સ મંજૂર કરવા બાબત.
(૨) તા:૦૧-૦૪-૨૦૨૫ થી તા:૩૧-૦૩-૨૦૨૬ના રોજ પૂરા થતાં વર્ષના વાર્ષિક હિસાબ મંજૂર કરવા બાબત.
(૩) તાજેતરમાં થયેલી ટ્રસ્ટીમંડળની ચૂંટણી અંગે ચૂંટણી કમિટીનો રિપોર્ટ.
(૪) ટ્રસ્ટીમંડળમાં થયેલા નીચે મુજબના ફેરફાર અંગે -
• નવા ચૂંટાયેલા ૪ (ચાર) ટ્રસ્ટીઓની નિમણૂંકની બહાલી આપવા
• ૩ (ત્રણ) ટ્રસ્ટીઓના આવેલા રાજીનામાંની બહાલી આપવા
(૫) પ્રમુખશ્રી તરફથી રજૂ થાય તે કામો કરવા બાબત.

નોંધ: ઉપરોક્ત વર્ષના વાર્ષિક હિસાબો ટ્રસ્ટની ઓફિસે ઉપલબ્ધ છે, જેની કોપી રવિવાર સિવાય બપોરે ૨.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધીમાં મળી શકશે. આ અંગેની માહિતી માટે તા:૨૯-૦૬-૨૦૨૬ થી ૦૪-૦૭-૨૦૨૬ સુધીમાં લેખિત અરજી કરવી, જેના ખુલાસા સભામાં આપવામાં આવશે.

લિ.
શ્રી સુરત લેઉવા પાટીદાર પંચ વતી,
બિપીનચંદ્ર કેશવલાલ કાપડિયા - પ્રમુખ

સભાનું સ્થળ :
"અવસર" પાટીદાર પંચની વાડી,
વિનસ હોસ્પિટલ સામે, રામપુરા, સુરત.

સોનમ વાંગચુકે જંતર-મંતર પર ભૂખ હડતાળ શરૂ કરી

પરીક્ષાની જવાબદારી અંગે સીજેપીના વિરોધ પ્રદર્શનમાં જોડાયા

નવી દિલ્હી, તા. ૨૮ (પીટીઆઈ) પર્યાવરણ કાર્યકર્તા સોનમ વાંગચુકે રવિવારે જંતર-મંતર ખાતે ભૂખ હડતાળ શરૂ કરી હતી. તેઓ પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓ અંગે જવાબદારી નક્કી કરવાની માંગ સાથે અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરતા કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના વિરોધ પ્રદર્શનમાં જોડાયા છે. ઉપવાસ પર બેસતાં પહેલાં વાંગચુક, સીજેપીના સ્થાપક અભિજીત દીપકે સાથે રાજઘાટ પર જઈ મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પી હતી. પ્રદર્શનની શરૂઆત એકત્રિત થયેલા લોકો દ્વારા બે મિનિટનું મૌન પાળીને કરવામાં આવી હતી. વાંગચુકે જ્યારે તેમની ભૂખ હડતાળ શરૂ કરી ત્યારે જંતર-મંતર ખાતે સેંકડો પ્રદર્શનકારીઓ, જેમાં મોટા ભાગે યુવાનો અને વિદ્યાર્થીઓ હતા, એકઠા થયા હતા. વિરોધ સ્થળ પર કેટલાક ખેડૂત નેતાઓ પણ ઉપસ્થિત હતા.

આ વિરોધ પ્રદર્શનમાં જોડાવાના પોતાના નિર્ણય અંગે સ્પષ્ટતા કરતાં વાંગચુકે જણાવ્યું હતું કે, શિક્ષણ છેલ્લાં ૪૦ વર્ષથી તેમના હૃદયની ખૂબ નજીક રહ્યું છે અને જ્યારે યુવાનો શિક્ષણ વ્યવસ્થા સામે ચિંતા વ્યક્ત કરી રહ્યા હોય ત્યારે તેઓ મૌન રહી શકે નહીં. વાંગચુકે કહ્યું, "મને અહીં બેસવાની ફરજ પડી છે, હું આ ખુશીથી નથી કરી રહ્યો. હું બંને મુદ્દાઓના સમર્થનમાં ઉપવાસ પર બેઠો છું. ઘણા લોકો મને પૂછે છે કે, તમે લદ્દાખમાં આંદોલન કરી રહ્યા હતા તો હવે સીજેપી સાથે કેમ છો. શિક્ષણ, જે અહીંનો મુખ્ય મુદ્દો છે, તે હું જ્યારે વિદ્યાર્થી હતો ત્યારથી એટલે કે છેલ્લાં ૪૦ વર્ષથી મારા હૃદયની નજીક રહ્યો છે."

બાંગ્લાદેશ ટ્રિબ્યુનલે ત્રણ પોલીસકર્મીઓને ફાંસીની સજા ફટકારી

ઢાકા, તા. ૨૮ (PTI) બાંગ્લાદેશની એક વિશેષ ટ્રિબ્યુનલે રવિવારે તત્કાલીન વડા પ્રધાન શેખ હસીનાના શાસનને ઉથલાવી દેનારા ૨૦૨૪ના વિદ્યાર્થીઓની આગેવાની હેઠળના હિંસક શેરી વિરોધ પ્રદર્શનોને ડામવા દરમિયાન પ્રદર્શનકારીઓની હત્યાના સંદર્ભમાં આરોપસર ઢાકાના પૂર્વ પોલીસ વડા સહિત ત્રણ પોલીસ અધિકારીઓને તેમની ગેરહાજરીમાં ફાંસીની સજા સંભળાવી છે. બાંગ્લાદેશની ઈન્ટરનેશનલ ક્રાઈમ્સ ટ્રિબ્યુનલ (આઈસીટી-બીડી)એ ઢાકા મેટ્રોપોલિટન પોલીસ (ડીએમપી)ના પૂર્વ કમિશનર હબીબુર રહમાન, એડિશનલ ડેપ્યુટી કમિશનર રાશેદુલ ઈસ્લામ અને ઢાકા પોલીસ સ્ટેશનના પૂર્વ ઓફિસર ઈન-ચાર્જ મશિયુર રહમાનને બે લોકોની હત્યા કરવાના આરોપમાં ફાંસીની સજા ફટકારી છે, જેમાં હિંસા દરમિયાન એક ઈમારતની છાજલી પર લટકેલા યુવક પર ગોળીબાર કરવાનો પણ સમાવેશ થાય છે. આઈસીટી-બીડીના ચેરમેન મોહમ્મદ ગુલામ મોર્તુઝા મોજુમદરે ચુકાદો સંભળાવતાં કહ્યું હતું કે, તેમને ત્યાં સુધી ગળાના ભાગે ફાંસી પર લટકાવવામાં આવશે જ્યાં સુધી તેમનું મૃત્યુ ન થાય. આઈસીટી-બીડીની ત્રણ ન્યાયાધીશોની પેનલે આ સાથે જ એક પોલીસ સબ-ઈન્સ્પેક્ટરને આજીવન કેદ અને એક આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટરને ૨૦ વર્ષની જેલની સજા ફટકારી છે.

મોજે છીણમના બ્લોક નં. ૪૦/ પૈકી ૧, ૪૦/ પૈકી ૨, વાળી જમીન અંગે એડવોકેટ પિયુષકુમાર ડી. પરમાર તરફે તારીખ ૨૦/૦૬/૨૦૨૬ ના રોજ ગુજરાત મિત્ર ન્યુઝ પેપરની જાહેર નોટીસ વિરૂધ્ધ જાહેર ખુલાસો તથા બ્લોક નં. ૪૮૫ તથા મોજે સીમલકના બ્લોક નં. ૧૧૮, તા. જલાલપોર, ડિ. નવસારી વાળી જમીન અંગે જાહેર નોટીસ/જાહેર ચેતવણી

આથી મારા અસીલની મળેલ સુચના અન્વયે આ જાહેર નોટીસ/જાહેર ચેતવણી આપી લાગતા વળગતા તમામ જાહેર જનતાને જણાવવાનું કે ડીસ્ટ્રીકટ નવસારી, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા જલાલપોર ના ગામ **મોજે છીણમ ના (૧) બ્લોક નંબર ૪૦/ પૈકી ૧, (૨) બ્લોક નંબર ૪૦/પૈકી ૨**, વાળી જમીન માલીક **મહમદ સુલેમાન મંગેરા** ના એડવોકેટ પિયુષકુમાર ડી. પરમાર મારફત તારીખ ૨૦/૦૬/૨૦૨૬ ના રોજ દૈનીક ગુજરાત મિત્ર તથા ગુજરાત દર્પણ માં પ્રસિધ્ધ કરેલ જાહેર નોટીસ ખોટી, ગેરકાયદેસરની અને મારા અસીલના સદરહું જમીનમાં ચાલી આવેલા વારસાઈના હકકો નષ્ટ કરવાના બદઈરાદા સાથેની છે. આપની નોટીસના વળતા જવાબ તથા જાહેર ખુલાસાથી જણાવવાનુ કે, ડીસ્ટ્રીકટ નવસારી, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા જલાલપોર ના ગામ **મોજે છીણમ ના બ્લોક નંબર ૪૦/ પૈકી ૧, ૪૦/પૈકી ૨, ૪૮૫** તથા **મોજે સીમલક ના બ્લોક નંબર ૧૧૮** વાળી જમીનોના માલીક તરીકે **ઈસપમીયા ઈસ્માઈલ મીયા** ચાલી આવેલ. જેઓનું તારીખ ૨૪/૦૩/૧૯૪૨ ના રોજ વિદેશ મુકામે અવસાન થયેલ છે. જેઓનું સીધીલીટીના વારસદાર દર્શાવતુ પેઢીનામું તારીખ ૧૦/૦૩/૨૦૨૦ ના રોજ સીમલક તલાટી કમ મંત્રી સમક્ષ અરજદાર અહમદ ઐયુબ એકલવાયા તથા પંચો ૧. ઐયુબ ઈસ્માઈલ નાના રહે. સીમલક, ૨. સોમેલ મહમુદ મોતારા રહે. સીમલક, ૩. મોહમદ માસુમ કાસુ દ્વારા રૂબરૂ હાજર થઈને ઈસપ ઈસ્માઈલ મીયાના સીધીલીટીના તમામ વારસદારો દર્શાવતુ પેઢીનામું બનાવવામાં આવેલ છે. અને મોજે છીણમમાં ગામ દફતરે વારસાઈ નોંધ નંબર ૩૧૫૩ થી તારીખ ૧૧/૦૮/૨૦૨૦ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ તારીખ ૦૧/૧૦/૨૦૨૦ ના રોજ સર્કલ ઓફીસર જલાલપોર દ્વારા પ્રમાણીત કરવામાં આવેલ. તથા મોજે સીમલકમાં ગામ દફતરે વારસાઈ નોંધ નંબર ૧૭૨૦ થી તારીખ ૧૧/૦૮/૨૦૨૦ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ તારીખ ૦૧/૧૦/૨૦૨૦ ના રોજ સર્કલ ઓફીસર જલાલપોર દ્વારા પ્રમાણીત કરવામાં આવેલ. જેની જાણ હાલ હમોના અસીલોને થયેલ છે અને કહેવાતા તલાટી રૂબરૂ બનાવવામાં આવેલ પેઢીનામામાં મર્હુમ ઈસપ ઈસ્માઈલ મીયાના સીધીલીટીના તમામ વારસદારો બતાવેલ ન હોય અને વારસદારોને છુપાવવામાં આવેલ હોય અને અમો અસીલના હકક, હિસ્સો ઓળવી જવા માટે અમોના અસીલોને પેઢીનામામાં બતાવવામાં આવેલ ન હોય અને ફોર્જડ પેઢીનામું બનાવવામાં આવેલ હોય અને સદરહું જમીનોમાં મર્હુમ ઈસપ ઈસ્માઈલ મીયાના સીધીલીટીના વારસદારો યાને અમોના અસીલ **અહમદ અબુબકર સુરતી, અદનાન મીયા** નાઓનો સદરહું જમીનોમાં કાયદેસરનો વારસાઈ હકકે વણ–વહેંચાયેલ હકક–હિસ્સો ચાલી આવેલ છે અને અમારા અસીલોનો ચાલી આવેલ કાયદેસરનો હકક–હિસ્સો અમારા અસીલોએ કે અમારા અસીલોના અગ્રહકક ધારીઓએ કોઈની પણ તરફેણમાં જતો કરેલ નથી કે કોઈની પણ તરફેણમાં કોઈપણ પ્રકારના કહેવાતા લેખ/લખાણો આપેલ નથી તેમજ અમારા અસીલો તેઓના કાયદેસરના હકક–હિસ્સા બાબતે તેમજ હાલ અમોના અસીલો વિદેશ મુકામેથી ઈન્ડીયા પરત ફરી કાયદાકીય સલાહ સુચન મુજબ સદરહું જમીનમાં થયેલ વેચાણ દસ્તાવેજો રદબાતલ કરાવવા અંગે નામદાર નવસારી સીવીલ કોર્ટમાં અલગ થી દાવો કરનાર છીએ. તેમજ થયેલ વારસાઈ નોંધ અને હકકમીની નોંધ, બનાવટી પેઢીનામું તથા અન્ય તમામ પેપરો વિરૂધ્ધ લાગુ ઓથોરીટી સમક્ષ ચેલેન્જ/ફરીયાદ કરનાર છીએ. અમોના અસીલો વર્ષોથી વિદેશ મુકામે વસવાટ કરતા હોય આથી અમોના અસીલોની જાણ બહાર એક–બીજાના મેળાપીપણામાં ગુનાહીત ષડયંત્ર રચી અને અમોના અસીલની કિંમતી જમીનનો પચાવી પાડેલ છે. જે બાબતે પણ અમો મુખ્યમંત્રી અને ગૃહમંત્રી સમક્ષ રજુઆત કરવાના છીએ અને લેખીત ફરીયાદ આપવાના છીએ. આમ ઉપરોકત જમીનો અંગે હમોની જાણ બહાર વેચાણ દસ્તાવેજ પોતાની તરફેણમાં કરાવી લેનાર **મહમદ સુલેમાન મંગેરા** તથા **જય અંબે કોર્પોરેશન એક ભાગીદારી પેઢીના અધિકૃત ભાગીદાર મનોજ બિરેન્દ્રપ્રતાપસિંહ રાજપુત** તથા **વસીમ મઝહર સાલેજી** કે તેઓના મળતીયાઓ સાથે કોઈપણ પ્રકારના વ્યવહાર કરવા/કરાવવા નહી ઉપરોકત જમીનના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ નથી. કોઈ વ્યકિત કે સંસ્થા કોઈપણ પ્રકારના વ્યવહારો કરશે કરાવશે તો તેમ કરનારને કોઈ ટાઈટલ પ્રાપ્ત થશે નહી. અને તેવા વ્યવહારો મુળથી રદ અને ગેરકાયદેસરના ગણાશે જેની તમામે નોંધ લેવી. તેમ છતા આ જાહેર ચેતવણીની અવગણના કરી કોઈપણ વ્યક્તિઆવા કોઈપણ વ્યવહારો કરશે / કરાવશે તો તેવા કોઈપણ વ્યવહારો મારા અસીલને બંધનકર્તા રહેશે નહી અને વ્યવહાર કરનારને સદરહું જમીનમાં કોઈપણ પ્રકારના હક્ક, હિત, ટાઈટલ પ્રાપ્ત થશે નહી યાને કે તકરાર સિવાય કશું પ્રાપ્ત થશે નહી અને દિવાની તેમજ ફોજદારી કાર્યવાહીઓમાં સપડાવાનો વારો આવશે. સદર નોટીસ જાહેર હિતમાં છપાવેલ છે. જેની જાહેર સંસ્થા તથા બેંકીગ સંસ્થાએ પણ ખાસ નોંધ લેવી.

(અસીલની સુચના અને ફરમાઈશથી)

અહમદ અબુબકર સુરતી અદનાન મીયા

હાર્દિક બી. વધાસિયા (એડવોકેટ)
૫૦૭, લક્ષ્મી એન્કલેવ–૨, ગજેરા સ્કુલની સામે, કતારગામ, સુરત. Mo. +91 96870 91596

મોજે : જહાંગીરપુરા, બ્લોક નં.૫૦/અ વાળી જમીન અંગે પાવર ઓફ એર્ટની રદ કરવા અંગેની જાહેર નોટીસ

સર્વે જાહેર જનતા, નાણાકીય સંસ્થાઓ, રાષ્ટ્રીયકૃત તથા સહકારી બેંકો, કેડિટ સોસાયટીઓ, પ્રોપર્ટી ડેવલપર્સ અને વેપારી આલમને આ જાહેર નોટીસથી સખત તાકીદ કરીને જણાવવાનું કે...

મારા અસીલશ્રી મગનભાઈ મનજીભાઈ સભાયા, રહેવાસી : ૪૩, જોગાણી નગર-૧, અડાજણ, સુરતના જેઓની નીચે જણાવેલ સ્થાવર જમીન મીલકતના કાયદેસરના માલિક, મુખત્યાર અને પ્રત્યક્ષ કબજેદાર છે, તેઓની મળેલ સ્પષ્ટ કાનૂની સુચનાથી અને ફરમાઈશથી આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

જમીનની વિગત

સુરત ડિસ્ટ્રિક્ટ, સબ-ડિસ્ટ્રિક્ટ અડાજણ (સુરત સીટી)ના મોજે જહાંગીરપુરાના દફતરે નોંધાયેલ બીનખેતી પ્રિમીયમ પાત્રનો રે.સર્વે નં.૩૮/૨ અને ૫૩/૧, જેના બ્લોક નં.૫૦/અ વાળી ખેતીની જમીન જેનું સુમારે ક્ષેત્રફળ હે-આરે ૦-૪૯-૩૬ ચો.મી. યાને ૪૯૩૬ ચો.મી.ના ક્ષેત્રફળ જેનો આકાર રૂા.૯.૧૩ પૈસાવાળી ખેતીની જમીન પૈકી ૧/૪ વણ વહેંચાયેલ હિસ્સાની સુમારે હે.આરે.૦-૧૨-૩૪ ચો.મી. યાને ૧૨૩૪ ચો.મી.ના ક્ષેત્રફળવાળી ખેતીની જમીન.

૧.. મારા અસીલશ્રીએ રમેશભાઈ નારણભાઈ ધડુક, રહેવાસી : ૪૯-૫૦, યોગેશ્વર પાર્ક સોસાયટી, એ.કે. રોડ, સુરતનાને તા.૧૦/૦૪/૨૦૧૭ નારોજ રાંદેર સબ રજીસ્ટ્રાર કચેરી ખાતે અનુ. નં.૨૭૦ થી એક રજીસ્ટર્ડ પાવર ઓફ એર્ટની કરી આપેલ હતો.

૨.. હાલમાં મારા અસીલશ્રીના ધ્યાનમાં આવેલ છે કે, રમેશભાઈ નારણભાઈ ધડુક દ્વારા સદર પાવર ઓફ એર્ટનીનો દુરુપયોગ કરીને મારા અસીલશ્રીની જાણ કે સંમતિ બહાર, કપટપૂર્વક સદર જમીન એકથી વધુ ઈસમો સાથે લખાણો, સાટાખત, નાણાકીય વ્યવહારો તેમજ વેચાણ દસ્તાવેજથી ટ્રાન્સફર કરી દેવાની ગેરકાયદેસર રીતે તજવીજ કરી રહયા છે.

૩.. આ રમેશભાઈ નારણભાઈ ધડુક ઈન્ડીયન કોન્ટ્રાકટ એકટ અન્વયે એક એજન્ટ તરીકે ફિડુશિયરી રીલેશનીપ થી બંધાયેલા હતા પરંતુ તેઓ દ્વારા કપટ અને વિશ્વાસઘાત કરેલ છે અને પાવર ઓફ એર્ટનીનો દુરૂપયોગ કરી મારા અસીલશ્રીને મોટી કાનૂની મુસીબતમાં મુકવા અને આર્થિક નુકશાન પહોંચાડવાનો ગુન્હાહીત પ્રયાસ આચરેલ છે અને જે હજી સતત ચાલુ જ છે.

૪.. સદરહુ જમીન અંગે રમેશભાઈ નારણભાઈ ધડુક તથા તેઓના મળતીયાઓ દ્વારા મારા અસીલને મોટી નુકશાની પહોંચડવાના ઈરાદે અને પાવર ઓફ એટર્નીનો મીસ યુઝ કરી રહયા છે જેથી કપટ દ્વારા મેળવેલ કાનૂની દરેક દસ્તાવેજોનું કાયદામાં કોઈ સ્થાન નથી અને કોઈ હકક ઉત્પન્ન કરતો નથી જેથી તેવું કુલમુખત્યારનામું રદબાતલ ગણાય, આથી આ જાહેર નોટીસના મારફતે, મારા અસીલ સદર રજીસ્ટર્ડ પાવર ઓફ એટર્નીને તત્કાલીક અસરથી "Revoke and Cancel" જાહેર કરે છે અને રમેશભાઈ નારણભાઈ ધડુક ને ઉપરોકત જમીન સંદર્ભે અપાયેલી તમામ સત્તાઓનો કાયમ માટે અંત લાવવામાં આવ્યો છે અને ઉપરોકત જમીનનો પ્રત્યક્ષ કબજો ભોગવટો માત્ર અને માત્ર મારા અસીલશ્રી પાસે જ સુરક્ષિત છે જેની જાહેર જનતાએ નોંધ લેવી. તેમજ રમેશભાઈ નારણભાઈ ધડુક મારા અસીલશ્રીના ટાઈટલને નુકશાન ન કરે અને ભવિષ્યમાં ગેરકાયદેસરના વ્યવહારો રોકવા અને નિર્દોષ વ્યકિત ફસાઈ નહી જાય તે માટે દાવો દાખલ કરનાર છીએ જેની પણ લાગતા વળગતાઓએ નોંધ લેવી.

આમ, રમેશભાઈ નારણભાઈ ધડુક પાસે કોઈપણ પ્રકારના કાનૂની હકકો કે સત્તા ચાલી આવેલા નથી અને જે હકકો, લખાણો હતા તે આ જાહેર નોટીસ થકી રદ કરી દેવામાં આવેલા છે જેથી આ નોટીસ પ્રસિધ્ધ થયા પછી, જો કોઈ પણ વ્યકિત, ગ્રાહક, પ્રોપર્ટી બ્રોકર, ડેવલપર, બેંક કે નાણાકીય કંપની ઉપરોકત જણાવેલ રદ થયેલા પાવર ઓફ એર્ટની આધારે રમેશભાઈ નારણભાઈ ધડુક સાથે કોઈપણ પ્રકારનો સાટાખત, ટોકન વ્યવહાર, વેચાણ દસ્તાવેજ, ગીરો ખત કે અન્ય નાણાકીય વ્યવહાર કરશે તો તે તમામ વ્યવહાર કાયદાની નજરમાં "Void-ab-initio" ગણાશે તેવા કોઈપણ અનધિકૃત વ્યવહારથી મારા અસીલશ્રીના માલીકી કે કબજા હક પર કોઈપણ પ્રકારની કાનૂની અસર થશે નહી અને ભવિષ્યમાં થનારા તમામ પ્રકારના દિવાની તેમજ ફોજદારી કે પોલીસ કાર્યવાહીમાં જે પણ નુકશાન થશે તેના ખર્ચ સહિતની જવાબદારી જે તે વ્યવહાર કરનાર પક્ષકારોની વ્યકિતગત રહેશે જેની ગંભીર નોંધ લેવી. તા. ૨૯/૦૬/૨૦૨૬

મગનભાઈ મનજીભાઈ સભાયા

-:: મારી મારફત ::-
જય પી. આઈસ્ક્રીમવાલા (એડવોકેટ એન્ડ નોટરી)
ઓફીસઃ ૨૧૧, રીજન્ટ સ્કવેર, ડી માર્ટની ઉપર, અડાજણ, સુરત. મો.નં.૯૯૯૮૮૦૩૦૫૦

જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ સબ–ડીસ્ટ્રીકટ, તાલુકા–મજુરાના ના **મોજે : રૂંઢ** ના ગામ દફતરે નોંધાયેલ જમીન જેનો જુનો રે.સ.નં.૨૨/૧ તથા ૩૩, જેનો રી.સર્વે બાદ નવો **સર્વે/બ્લોક નં.૯/૧ તથા ૪૯/૧** વાળી બીનખેતીની જમીન. જેનો ટી.પી.સ્કીમ નં.૩ (રૂંઢ –મગદલ્લા), ફાઈનલ પ્લોટ નં.૨૭,૩૪,૩૫ તથા ૩૬ વાળી બીનખેતી ની જમીન ઉપર રહેણાંક ના હેતુ માટે આયોજીત **"હરીઓમ બંગ્લોઝ"** ના નામથી ઓળખાતી યોજના/સોસાયટી માં મંજુર થયેલ પ્લાન મુજબ આયોજીત રહેણાંકના આવાસો / પ્લોટો પૈકી "એ" ટાઈપના પ્લોટો પૈકી આકાશી ખુલ્લા **(૧) પ્લોટ નંબર – ૨૧૫, જેનુ મંજુર પ્લાન મુજબ ક્ષેત્રફળ સુમારે – ૧૫૬.૦૭ ચો.મી.**, જે DILR ની KJP-દુરસ્તી થતા અલગ પાડવામાં આવેલ ૭/૧૨ મુજબ **બ્લોક/સરવે નંબર – ૯/૧/ પૈકી ૨૧૫** થી નોંધાયેલ છે તથા **(૨) પ્લોટ નંબર – ૨૧૬**, જેનુ મંજુર પ્લાન મુજબ ક્ષેત્રફળ સુમારે – ૧૫૬.૦૭ ચો.મી., જે મયીચ ની KJP-દુરસ્તી થતા અલગ પાડવામાં આવેલ ૭/૧૨ મુજબ **બ્લોક/સરવે નંબર – ૯/૧/ પૈકી ૨૧૬** થી નોંધાયેલ છે, જે તમામ પ્લોટો નું કુલ ક્ષેત્રફળ સુમારે – ૩૧૨.૧૪ ચો.મી. ચાલી આવેલ છે, જે તમામ આકાશી ખુલ્લા પ્લોટો તથા મજકુર યોજના માં આવેલ આંતરીક રોડ–રસ્તા તથા સી.ઓ.પી. ની જમીન માં ફાળે પડતા પ્રમાણસર ના વણ–વહેચાયેલા અવિભાજ્ય હીસ્સા સહીત વાળી મીલકત ના માલીક **(૧) પ્લોટ નંબર – ૨૧૫ ના માલીક શ્રી રાકેશભાઈ હસમુખભાઈ બોઘાવાળા તથા (૨) પ્લોટ નંબર – ૨૧૬ ના માલીક શ્રીમતી હીના હિતેષકુમાર બોઘાવાળા**, તમામ રહેવાસી – સુમુલ ડેરી રોડ, સુરતના મજકુર મીલકતો પોતાની સ્વપાર્જિત, માલીકી, કબજા, ભોગવટાનું હોવાનું જણાવી તથા મજકુર મીલકતના તેમના માલીકીના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ છે, તેવું જણાવી મજકુર મીલકત મારા અસીલને વેચાણથી આપવાનું નકકી કરેલ છે, જેથી મજકુર મીલકતના વેચાણ સામે કોઈ નો પણ વાંધો હોય અથવા મજકુર મીલકત ઉપર કોઈ પણ વ્યકિત, મંડળી, સંસ્થા, કંપની કે બેંન્ક વીગેરે કોઈનો પણ લાગ, ભાગ, હકક, હીત, હીસ્સો, લીયન, બોજો કે કોઈ પણ જાતના દર–દાવા કે અધીકાર હોય, તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દીન–૧૫ માં દસ્તાવેજી પુરાવાઓ સાથે હમોને લેખીતમાં રૂબરૂ જાણ કરવી, જો તેમ કરવામાં કસુર થશે તો મુદત વિત્યે મજકુર મીલકત માં કોઈ પણ વ્યકિત, મંડળી, સંસ્થા, કંપની કે બેંન્ક નો કોઈ પણ જાતનો લીયન, બોજો, લાગ, ભાગ, હકક, હીત, હીસ્સો, અધીકાર કે દર–દાવા નથી અને હોય તો તે જતા કર્યા છે એવુ માની મારા અસીલ મજકુર મીલકતોનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યાર બાદ કોઈના કોઈપણ જાતના વાંધા કે તકરાર ચાલશે નહી, જેની આ જાહેર નોટીસ થકી જાહેર જનતાએ નોધ લેવી.

મારી મારફત
નીતીન પટેલ
એડવોકેટ અને નોટરી

ઓફીસ યુ/૭, દિવ્યકાંતિ એપાર્ટમેન્ટ
પાર્લે પોઈંટ, અઠવાલાઈન્સ, સૂરત
Mob 9824131277 , 9712931277

વેચાણ તથા ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ, તાલુકોઃ મહુવા, **મોજેઃ જોળ**ના (૧) જુના સ.નં. ૭૪/૧/બ, **નવો બ્લોક/સર્વે નં.: ૬૧/અ** જેનું કુલ ક્ષેત્રફળઃ હે.આરે.ચોમી. ૦-૨૨-૦૦, ખાતા નંબરઃ ૩૧૧, આકાર રૂા.૧.૩૪ પૈસા, (૨) જુના સ.નં. ૭૪/૧/બ, **નવો બ્લોક/સર્વે નં.: ૬૧/બ/૧** જેનું કુલ ક્ષેત્રફળઃ હે.આરે.ચોમી. ૦-૪૫-૦૦, ખાતા નંબરઃ ૩૮૧, આકાર રૂા. ૩.૨ પૈસા તથા (૩) જુના સ.નં. ૭૨+૭૩+૭૪, **નવો બ્લોક/સર્વે નં.: ૬૦/બ/૨/૧** જેનું કુલ ક્ષેત્રફળ હે.આરે.ચોમી. ૦-૫૦-૫૦, ખાતા નંબરઃ ૩૮૩, આકાર રૂા. ૪.૧૫ પૈસા જુની શરતની ખેતીની જમીનના માલીક તથા કબજેદાર **પ્રવિણભાઈ ભીખુભાઈ રબારી** નાઓ ચાલી આવેલ. ત્યારબાદ સદરહુ જુની શરતની ખેતીની જમીન **શ્રીમતિ આશાબેન વિજયભાઈ વડગાંવકર**નાએ તેના માલીક પ્રવિણભાઈ ભીખુભાઈ રબારી પાસેથી તા.: ૨૨/૦૩/૨૦૨૬ ના રોજ નોટરાઈઝડ વેચાણ સાટાખતની રૂએ વેચાણ રાખેલ અને તેઓએ સદરહુ મિલકત ચોખ્ખા તથા મોર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવી શાંત, ખાલી પ્રત્યક્ષ કબજા સહિત તમામ હકકો સાથે અમોના અસીલને વેચાણ આપવા માંગે છે. સબબ સદરહુ મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે અધિકાર કે બેંક યા નાણાકીય સંસ્થા યા સંસ્થાનું લિયન, બાનું, ચીઠ્ઠી કે કોઈપણ પ્રકારનું લખાણ વિગેરે હોય તો જરૂરી દસ્તાવેજી પુરાવા સાથે આ નોટીસ પ્રસિધ્ધ થયાના **દિન-૭(સાત)** માં નીચે જણાવેલ સરનામે અમારો રૂબરૂ સંપર્ક કરી લેખીત વાંધો રજૂ કરવો. નોટીસની મુદત વિત્યે કોઈપણ જાતનો વાંધો હરકત નથી તેમજ કોઈપણ વ્યકિત, સંસ્થા કે ઈસમ કબજા હકકનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, રાઈટ યા ટાઈટલ ઈન્ટ્રેસ્ટ નથી, અને જો હોય તો તે જતા કર્યા છે યાને વેવ કરેલ છે, તેમ માની અમારા અસીલ રજી. દસ્તાવેજો કરી-કરાવી લેનાર છે. ત્યારબાદ કોઈપણ પ્રકારની તર-તકરાર, દર-દાવો, ફરીયાદ કે કબજા હકક ગ્રાહય રહેશે નહી. તેમજ અમારા અસીલની કોઈપણ જવાબદારી રહેશે નહી જેની લાગતા વળગતાએ ખાસ નોંધ લેવી. તા. ૨૯-૦૬-૨૦૨૬

૩૧-૩૨, નિલકંઠ સોસાયટી, જી.પી. પાર્કની બાજુમાં, ઓલીવ સર્કલની પાસે, ઉધના મગદલ્લા રોડ, સુરત. મો. ૯૯૭૪૨ ૪૦૦૦૪

સોહાંગીની કે. ચાંગાવાલા
તે ખરીદનારના એડવોકેટ

જીલ્લો સુરત, તાલુકો પલસાણાના મોજેગામ તરાજના બ્લોક નં ૪૪, સર્વે નં ૩૭ વાળી જૂનીશરતની ખેતીની જમીન સંબંધે વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત, તાલુકો પલસાણાના મોજેગામ તરાજના બ્લોક નં ૪૪, સર્વે નં ૩૭, જેનું ક્ષેત્રફળ હે. ૦-૫૭-૬૭ આરે.ચો.મી જેનો આકાર રૂા. ૮.૬૯ પૈસા વાળી જૂની શરતની ખેતીની જમીન દિપકભાઈ ઠાકોરભાઈ પટેલની માલિકી તેમજ પ્રત્યક્ષ કબજા, ભોગવટા તેમજ વપરાશમાં હોવાનું તેમજ મજકુર મિલકતના ટાઇટલ કોઈપણ જાતના બોજારહિત, ચોકખા અને માર્કેટેબલ હોવાનું જણાવી, મારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે છે અને ટુંક સમયમાં મારા અસીલ તેમની પાસેથી સદરહુ મિલકતનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. તેમજ જમીન માલીકના મજકુર વેચાણના વ્યવહાર સંબંધે કોઈને કોઈપણ જાતનો વાંધો હોય યા મજકુર જમીનમાં કોઈપણ જાતના હક્ક-હિત, સંબંધ યા લાગ-ભાગ હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી દિન-૭ માં તેમના તેવા વાંધા/હક્ક-હિત, સંબંધે કે લાગ-ભાગ અંગે પુરાવા સહિત અમોને લેખીતમાં જાણ કરવી. ઉપરોક્ત મુદ્દતમાં જો કોઈ વાંધા ન આવે તો કોઈને મજકુર વ્યવહાર સંબંધે કોઈ વાંધો કે તકરાર નથી કે મિલકત સંબંધે કોઈ હક્ક-હિત નથી અને હોય તો તે જતા કરેલ છે તેમ માની, મારા અસીલ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને પાછળથી કોઈની કોઈ તકરાર ચાલશે નહી, તેની લાગતા-વળગતા તમામે નોંધ લેવી.

અસીલની સુચના અને ફરમાઈશથી તા. ૨૯/૬/૨૦૨૬

હિતેશ વી. ઢોડિયા તે ખરીદનારના એડવોકેટ
૪૫-૪૬, મોમાઈનગર, પુણાગામ, સુરત. મો.નં. ૮૦૦૦૭૫૦૭૬૦